# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email*suratdeo@gmail.com***


જા.નં./બોર્ડ/~~ગુજકેટ~~-૨૦૨૪/૨૬૨૭ તા.04/03/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ. સુરત.

વિષયઃ માર્ચ-૨૦૨૪ની પરીક્ષાની હોલટીકીટ સાથે વિદ્યાર્થીઓને આપવાની માર્ગદર્શક સૂચનો બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી માર્ચ-૨૦૨૪માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ તા.૧૧/03/૨૦૨૪ થી તા.૨૬/03/૨૦૨૪ દરમિયાન અત્રેના જિલ્લામાં યોજાનાર છે.

સદર પરીક્ષામાં બેસનાર આપની શાળાના વિદ્યાર્થીઓને આ સાથે સામેલ માર્ગદર્શક સૂચનાઓની પ્રિન્ટ વિદ્યાર્થીઓને હોલટીકીટ સાથે ફરજીયાત આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

જિ.સુરત

<u>બીડાણ:</u>

- માર્ગદર્શક સૂચના

## **SSC/HSC બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ/વાલીઓ માટેની અગત્યની સૂચનાઓ**

1. પરીક્ષાર્થીઓએ પરીક્ષા સ્થળે 30 મિનિટ અગાઉ પહોંચી જવું.
2. પરીક્ષાર્થી તા.૧૧/૦૩/૨૦૨૪ને સોમવારથી શરૂ થતી પરીક્ષાના પરીક્ષાનું સ્થળ જોવા માટે તા.૧૦/૦૩/૨૦૨૪ને રવિવાર હોવાના કારણે તા.૦૯/૦૩/૨૦૨૪ને શનિવારે બપોરે ૧૨:૦૦ કલાકથી પરીક્ષા સ્થળ પર જઈ શકશે.
3. પરીક્ષાર્થીઓએ હોલ ટિકિટ અવશ્ય પોતાની સાથે રાખવી, હોલ ટીકીટના પાછળના ભાગે વાલીનો મોબાઇલ નંબર અવશ્ય લખવો તેમજ હોલ ટિકિટની એક ઝેરોક્ષ ઘરે વાલી પાસે રાખી મૂકવી જેથી આકસ્મિક સંજોગોમાં કામ આવી શકે.
4. કોઈપણ પ્રકારના પ્રતિબંધિત ઇલેક્ટ્રોનિક ઉપકરણ જેવા કે મોબાઈલ, બ્લુટૂથ, ડિજિટલ કાંડા ઘડિયાળ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર વગેરે ઉપકરણો તેમજ કોઈપણ પ્રકારનું લેખિત સાહિત્ય પરીક્ષા સ્થળે લઈ જવું નહિ.(ધોરણ -૧૦ના વિદ્યાર્થીઓ સાદા કેલ્ક્યુલેટરનો પણ ઉપયોગ કરી શકશે નહી)
5. પરીક્ષાર્થીઓ અને તેમના વાલીઓએ શિક્ષ' કોષ્ટકનો સંપૂર્ણ અભ્યાસ કરવો.
6. વાલીઓએ પરીક્ષાર્થીઓને પરીક્ષા સ્થળે મૂકી તુરંત જ પરીક્ષા સ્થળ છોડી દેવું જેથી ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તેમજ તમારા વાહનોને યોગ્ય જગ્યાએ પાર્ક કરવા જેથી પરીક્ષા સ્થળે ટ્રાફિકની સમસ્યા ઊભી ન થાય.
7. મેટ્રો રેલ પ્રોજેક્ટના કારણે થતી ટ્રાફિક સમસ્યાને નિવારવા પરીક્ષા સ્થળે પહોંચવા આગોતરૂં આયોજન કરી લેવું.
8. ટ્રાફિકની સમસ્યાના કારણે પરીક્ષાર્થી પરીક્ષા સ્થળ સુધી પહોચવામાં સમસ્યા અનુભવે તો PCR વાન કે પોલીસ કન્ટ્રોલરૂમનો સંપર્ક કરી પોલીસની મદદ લઇ શકશે.
9. પરીક્ષાર્થી પારદર્શક પાણીની બોટલ, પારદર્શક ટેકણપાટીયું(પેડ) તેમજ જરૂરી તમામ પેન, પેન્સિલ, રબર, સંચો, ગાણિતિક સાધનો વગેરે પારદર્શક પાઉચમાં લઈ જવા જેથી પરીક્ષા સમયે અગવડતા ન સર્જાય.
10. પરીક્ષાર્થીને કોઈ શારીરિક તકલીફ હોય કે કોઈ દવા ચાલુ હોય તો પરીક્ષા દરમિયાન દવા સાથે રાખવી.
11. પરીક્ષાના દિવસ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી બાળકોએ ઘરનો સાદો પૌષ્ટિક આહાર જ લેવો જેથી બાળકોની તંદુરસ્તી સારી રહે અને બાળક એકાગ્રતાની સાથે સારી રીતે બોર્ડની પરીક્ષા આપી શકે.
12. પરીક્ષાર્થીઓએ ઉત્તરવહી બાંધવા માટે સ્ટેપલર ન વાપરતા પરીક્ષા સ્થળથી અપાતા સફેદ દોરા નો જ ઉપયોગ કરવાનો રહેશે.
13. પ્રશ્નપત્ર ઉપર પરીક્ષાર્થીએ પોતાનો બેઠક નંબર અવશ્ય લખવો.
14. વિદ્યાર્થીઓએ કોઈપણ જાતના ડર વિના શાંતિથી પરીક્ષા આપવી.
15. પરીક્ષાનો વિષય કે પરીક્ષા સંબંધિત કોઇપણ મુજવણ માટે "પરીક્ષાસાથી પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪"(હેલ્પલાઇન)માં આપેલ ડોક્ટર, મનોવૈજ્ઞાનિક તથા નિષ્ણાંત શિક્ષકો સાથે ફોન પર માર્ગદર્શન મેળવી શકાશે.
16. ઉપરની સૂચનાઓ સાથે હોલટીકીટની પાછળ આપેલ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી લેવો.

**જિલ્લા વહીવટીતંત્ર તરફથી પરીક્ષાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ**

**ALL THE BEST**